
શ્રી શિવસંકલ્પ સભાના

સાહિત્યપ્રચારનું

પ્રથમ પુષ્પ.



श्री भारतसमाजीय नित्यपूजा.

सहनाववतु सहनौभुनक्तु
सहवीर्यं करवावहै।
तेजास्विनावधीतमस्तु
माविद्विषावहै॥

સંવત [illegible]

મૂલ્ય ૧ આનો.

આરંભવચન.

પરમાત્માની લીલા અગાધ છે. એથીજ સંસાર અને સૃષ્ટિલીલા અદૃશ્ય તેમજ દૃષ્ટિગોચર પણ ભાસે છે; એ પુરુષ પ્રકૃતિનો સ્વભાવ છે. આમાં જનસ્વભાવ રત્નાકર અને વિચિત્ર છે ! એની ચેષ્ટા ગહન છે !

ભારતવર્ષને આવા આશયથીજ આત્મનિમજ્જન કરવા ઉચ્ચ ધર્મ પ્રાપ્ત થયેલો છે. ભારતવર્ષનો ધર્મ વેદ–(જ્ઞાન) ધર્મ છે. એ વેદની પૂર્વ અને ઉત્તર એવી બે મીમાંસા છે. પૂર્વ મીમાંસા કર્મથી અને ઉત્તર મીમાંસા જ્ઞાનથી ભરપૂર છે. આત્મોન્નતિ માટે એ વેદની અનુક્રમે જરૂર છે કર્મકાંડમાં દર્શાવેલી ક્રિયા પ્રક્રિયાઓ વડે આપણા બ્રહ્માંડની વ્યવસ્થા રાખનારા દેવ દેવીઓ સાથે સહકાર કરી બ્રહ્માંડનાં ત્રિવિધતાપનું નિવારણ કરી અંતે જ્ઞાનયોગથી પરમાનંદની પ્રાપ્તિ થાય અને પરમાત્માની યોજના પાર પડે–આવી પવિત્ર વિચારશ્રેણીથી શ્રી શિવસંકલ્પ સભાએ, પ્રથમમાં ભારતીયસમૂહપૂજા-વિધાન જે વર્તમાન કાળમાં મહર્ષિઓ તરફથી મળેલી પ્રસાદી છે તે વડે ભારતીય વૈરાટમાં આત્મજ્યોતિ વિશુદ્ધ કરી વધુ પ્રકટવા અલ્પ પ્રયાસ આરંભ્યો છે. નિષ્કામ કર્મયોગનું રહસ્ય વર્ણવતાં ગીતાજીમાં શ્રીકૃષ્ણચંદ્ર ભગવાને કહ્યું છે:—स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतोभयात् (થોડું પણ ઉપર કહેલા ધર્મનું આચરણ મોટા ભયથી મુક્ત કરે છે). પ્રતિમ નિશાન શબ્દકોશ, સંસ્કારો સેવવાને માટે, અવશ્ય આપણા સભ્યોમાંથી જેટલા તત્પર હોય તેમણે મળવું, બીજાઓને પ્રેમભાવે પ્રેરવા અને જોડવા, આમ સંકલ્પ કરી, આ માનુષી જીવનને દૈવી ભાવનાની રૂપરેખા સ્હેજ સાજ પણ પ્રત્યક્ષ થાય અને પુણ્ય કાર્ય

ન બને તો પરવા નહિ, પરંતુ પાપમય વિચારોને તો સર્વદા તિલાંજલિ આપવી, એવા સાત્વિક વિચાર શક્તિની સ્ફુરણાના બળે શિવસંકલ્પ સભાએ જેમ પૂજાકાર્યક્રમ નિર્ણીત કર્યો, તેમ સંગ્રહિત ભજન ધૂન ઇત્યાદિથી એમાં વિધવિધ શિવભાવનાપોષક રંગ ભર્યા કે જે નમ્રભાવે તૈયાર થયેલ સેવાકાર્ય ક્રમે ક્રમે સામુદાયિક બળ અને પ્રેમભાવથી સામાહિક ઉત્સવના આકારે જનસમાજમાં પ્રચારમાં આવતું જાય છે તેમાંથી નીરક્ષીર વિવેક કરી, બુદ્ધિથી સાર ગ્રહણ કરી, પૂર્ણ વિચારી, મનન કરીને જીવનમાં ઉતારવા દરેક મુમુક્ષુને નમ્ર યાચના છે. વિસંવાદથી ભરેલ આ સંસારના અખાડામાં આટલી શાન્તિ મળે એ પણ અમૃતાંજલિ સદૃશ મધુર છે. પ્રભુ જગતની આ મંગળ ભાવના સુદૃઢ કરો એજ પરમ ઇચ્છા; અને તેની સહાનુભૂતિમાં આ પ્રથમ પુષ્પ એ રચયીતા મહર્ષિઓનેજ પાછું અર્પણ કરતાં કંઇક જનસમાજમાં સદુપયોગ થાય તો એમાંજ સભાના ઉદ્દેશ તથા અસ્તિત્વની અત્યારે કૃતાર્થતા છે. ઇતિ શિવમ્.

રાજહંસ.

"શિવસંકલ્પ"

શિવસંકલ્પમાં અપૂર્વ બલ છે. ગીતામાં 'લોકસંગ્રહ' એ એનો પર્યાયવાચી શબ્દ છે. ચંદને સંકલ્પ કર્યો કે "બળી જઈશ પણ સુગંધ નહિં છોડું," જલ કહે કે–"હું મલીન ભલે થાઉં-પણ મારો ઉપયોગ કરનારાને શુદ્ધ કર્યા વિના નહિં છોડું." વૃક્ષનું મહાવ્રત એ છે કે–"મને ભલે કાપે પણ એને પણ હું તો છત્રછાયા કરવાનો." વસુંધરા વિશ્વંભરા (પૃથિવી)નો સંકલ્પ, સૂર્યનો સંકલ્પ, સમુદ્રનો સંકલ્પ, મેઘ સંકલ્પ; ઇક્ષુ સંકલ્પ, કનક સંકલ્પ આ બધા સંકલ્પ જગતને જાણીતા છે. પ્રહ્લાદની અડગ વિષ્ણુ ભક્તિ, ભીષ્મનું બ્રહ્મચર્ય, આવાં અનેક વિક્રમ ઉદાહરણો શિવસંકલ્પનાં છે. આ સંકલ્પ એક વેળા ઘડાયો તે છોડ્યો પણ છૂટતો નથી.

ભર્તૃહરિએ નીતિશતકમાં ચાર સભાઓ વર્ણવી તેના સંકલ્પો તારવી જગતને દેખાડ્યા છે. ૧ શિવસંકલ્પ સભા.– एते सत्पुरुषाः परार्थ घटकाः स्वार्थान्परित्यज्यये (સત્પુરુષો જેઓ સ્વાર્થ તજી નિરંતર પર હિત માટેજ યત્ન કરે છે) ૨. વિષ્ણુ સંકલ્પ સભા– सामान्यास्तु परार्थ मुद्यमभृतः स्वार्था विरोधेनये (સામાન્યજનો જેઓ પોતાને અડચણ કર્યા વિના બીજાનું હિત સાધે છે.) ૩. રાવણ સંકલ્પ સભા.–તેડમાં मानव राक्षसाः पराहितं स्वार्थाय निघ्नन्तिये. (માનવ રાક્ષસો જેઓ સ્વાર્થ માટે બીજાનું બુરૂં કરી નાંખતાં અચકાતા નથી.) ૪.– આ સભાનું નામ નિશાન શબ્દકોશમાં પણ જડતું નથી તે येतुघ्नन्ति निरर्थकं परहितं ते के न जानीमहे । (પણ ચોથા કે જેઓ બિનજરૂરે બીજાઓના હિતનો ઉચ્છેદ કરે છે કે જેને કેવા કહેવા તે ભર્તૃહરિ જેવાઓ પણ જાણતા નથી.) તે છે. આપણે ત્યારે સંકલ્પ રચતા પહેલાં શુદ્ધ મનથી વિવેક કરવો. ચિત્તશુદ્ધિ થયા પછી સંકલ્પ ઠરે છે. પ્રભુને પણ

આવા શિવસંકલ્પદ્વારા રીઝાવવો કઠીન નથી. આ ધગશ પ્રકટવાની પૂર્ણ આવશ્યક્તા છે. સ્વાર્થમૂલક જીવન એ તો પાપ મૂલક છે. ગીત જીમાં भुंजते तेत्वघं पापा ये पचन्त्यात्मकारणात् (જે પાપી પુરુષો પોતાનું પેટ ભરવામાટે પકાવે છે તે પાપ ભક્ષણ કરે છે) માટે દેવતાને તમારી સમસ્ત ક્રિયા અર્ચન પૂજા વિધિ શિવસંકલ્પમયી કરી રીઝવો એટલે તમારાં સર્વ કાર્યો સરલ થઇ જશે, અને પરમ શ્રેયને પામશો. વારંવાર આ બાબત યાદ રાખજો કે, પેટભરા બનશો તો આ પૌષ્ટિક આહાર ફુટી નીકળશે માટે શિવસંકલ્પદ્વારા લોક સંગ્રહનું સ્વારસ્ય પ્રકટાવી કૃતકૃત્ય બનો. इति शिवम् ॥

વિશ્વ.

શ્રીભારતસમાજીય નિત્યપૂજા.

મંગલ. ત્રિમૂર્તિરૂપે ધ્યાન.

અધ્વર્યુઃ—હરિઃ ૐ ।

સંકલ્પથી શુદ્ધિ.

अपवित्रः पवित्रो वा सर्वावस्थां गतोऽपि वा ।
यः स्मरेत् पुंडरीकाक्षं सबाह्याभ्यंतरश्शुचिः ॥ ॥१॥

અઘમર્ષણ. આચમનમંત્ર-ક્રિયા.

सर्वे—ॐ सूर्यश्च मा मन्युश्च मन्युपतयश्च मन्युकृतेभ्यः । पापेभ्यो रक्षन्ताम् । यद्रात्र्या पापमकार्षम् । मनसा वाचा हस्ताभ्याम् । पद्भ्यामुदरेण शिश्ना । रात्रिस्तदवलुंपतु । यत्किंच दुरितं मयि । इदमहं मापमृतयोनौ । सूर्ये ज्योतिषि जुहोमि स्वाहा ॥ ॥२॥

ઘંટારવ. દેવોને આહ્વાન. બ્રહ્મપૂજાકર્મ સમારંભ

अ०—ॐ आगमार्थं तु देवानां गमनार्थं तु रक्षसाम् ।
कुर्वे घंटारवं तत्र देवताऽऽह्वानलांछनम् ॥
अपसर्पंतु ते भूता ये भूता भूमिसंस्थिताः ।
ये भूता विघ्नकर्तारस्ते गच्छंतु शिवाज्ञया ॥
अपक्रामंतु भूतानि पिशाचास्सर्वतो दिशम् ।
सर्वेषामविरोधेन ब्रह्मकर्म समारभे ॥

દિગ્બંધન.

અ૦—ॐ भूर्भुवस्सुवः—(इति दिग्बन्धः) ॥४॥

ધૂપધુમ્રપરાગદર્શન. દિવ્યશુદ્ધિ.પ્રાર્થના. દેવમંડલને સહકાર પ્રાર્થના.

અ૦—ॐ येन देवाः पवित्रेण । आत्मानं पुनते सदा ।
तेन सहस्रधारेण । पावमान्यः पुनन्तु मा ॥
प्राजापत्यं पवित्रम् शतोद्यामं हिरण्मयम् ।
तेन ब्रह्मविदो वयम् पूतं ब्रह्म पुनीमहे ॥
इन्द्रः सुनीती सह मा पुनातु ।
सोमः स्वस्त्या वरुणस्समीच्या ।
यमो राजा प्रमृणाभिः पुनातु मा ।
जातवेदा मोर्जयन्त्या पुनातु ॥

સપ્તવ્યાહૃતિપૂર્વક ગાયત્રી ધ્યાન.

સ૦—ॐ भूः । ॐ भुवः । ॐ ँ सुवः । ॐ महः ।
ॐ जनः । ॐ तपः । ॐ ँ सत्यम् ।
ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि । धियो यो
नः प्रचोदयात् ॥
ओमापो ज्योती रसोऽमृतं ब्रह्म भूर्भुवस्सुवरोम् ॥३॥

અગ્નિદેવ પૂજા-અગ્નિપ્રતિષ્ઠાપન.

અ૦-ॐ भूर्भुवस्सुवः—(इति अग्निप्रतिष्ठापनं) ॥૭॥

આહ્‌વાન. સ્તુતિ.

चत्वारि शृंगा त्रयो अस्य पादा
द्वे शीर्षे सप्त हस्तासो अस्य ।
त्रिधा बद्धो वृषभो रोरवीति
महो देवो मर्त्याँ आविवेश ॥
एषहि देवः प्रदिशोऽनु सर्वाः
पूर्वो हि जातः स उ गर्भे अन्तः
स विजायमानः स जनिष्यमाणः
प्रत्यङ्मुखास्तिष्ठति सर्वतो मुखः ॥ ॥૮॥

અગ્નિપ્રભૃતિ દેવાર્પણ. અહંભાવત્યાગ.

स०-ॐ अग्नये स्वाहा । अग्नय इदं न मम ॥
ॐ सूर्याय स्वाहा । सूर्यायेदं न मम ॥
ॐ प्रजापतये स्वाहा । प्रजापतय इदं न मम ॥૯॥

શુભમાર્ગેષણા અગ્નિદેવ પ્રાર્થના.

स०-ॐ अग्ने नय सुपथा राये अस्मान्
विश्वानि देव वयुनानि विद्वान् ।
युयोध्यस्मज्जुहुराणमेनो
भूयिष्ठां ते नमउक्तिं विधेम ॥ ॥१०॥

મિત્રદેવને પ્રાર્થના.

स०—मित्रस्य चर्षणीधृतः श्रवो देवस्य सानसिम् ।

सत्यं चित्रश्रवस्तमम् ॥

मित्रो जनान् यातयाति प्रजानन्

मित्रो दाधार पृथिवीमुतद्याम् ।

मित्रः कृष्टीरनिमिषाऽभिचष्टे

सत्याय हव्यं घृतवाद्विधेम ॥

प्र स मित्र मर्तो अस्तु प्रयस्वान्

यस्त आदित्य शिक्षति व्रतेन ।

न हन्यते न जीयते त्वोतो नैन

मंहो अश्नोत्यन्तितो न दूरात् ॥ ॥११॥

ચક્ષુજાગ્રતિ માટે વિભૂતિ ધારણ.

ॐ भूः (इति शिरसि)। ॐ भुवः (इति ललाटे)। ॐ सुवः (इति कण्ठे)। ॐ महः (इति नाभौ)। ॐ जनः (इति हृदये)। ॐ तपः (इति वामस्कन्धे)। ॐ सत्यं (इति दक्षिण स्कन्धे)। ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि। धियो यो नः प्रचोदयात्। ओमापो ज्योती रसोऽमृतं ब्रह्म भूर्भुवस्सुवरोम् (इति मूर्धने) ॥ ॥१२॥

વરૂણ પૂજા.

अ०—ॐ दधिक्राव्णो अकारिषं जिष्णोरश्वस्य वाजिनः ।
सुरभि नो मुखा करत् प्र ण आयूंषि तारिषत् ॥

વરુણદેવ-આપમાર્જન.

स०—ॐ आपो हि ष्ठा मयोभुवस्ता न ऊर्जे दधातन ।
महेरणाय चक्षसे ॥
यो वः शिवतमो रसस्तस्य भाजयतेह नः ।
उशतीरिव मातरः ॥
तस्मा अरं गमाम वो यस्य क्षयाय जिन्वथ ।
आपो जनयथा च नः ॥ ॥१४॥

વરુણદેવની વિશ્વ વ્યાપકતા.

स०—ॐ आपो वा इदं सर्वं विश्वा भूतान्यापः प्राणा वा आपःपशव आपोऽन्नमापोऽमृतमापस्सम्राडापो विराडापस्स्वराडापश्छन्दांस्यापो ज्योतींष्यापो यजूंष्यापस्सत्यमापः सर्वा देवता आपो भूर्भुव स्सुवराप ओम् ॥ ॥१५॥

અપરાધક્ષમાપન.

अ०—ॐ इमं मे वरुण श्रुधी हवमद्या च मृडय ।
त्वामवस्युराचके ॥

तत्त्वा यामि ब्रह्मणा वन्दमान-
स्तदाशास्ते यजमानो हविर्भिः।
अहेडमानो वरुणेह बोध्यु
रुश ँस मा न आयुः प्रमोषीः ॥
यच्चिद्धि ते विशो यथा प्र देव वरुण व्रतम्।
मिनीमसि द्यविद्यवि ॥
यत्किंचेदं वरुण दैव्ये जनेऽ
भिद्रोहं मनुष्याश्चरामसि।
अचित्ती यत्तव धर्मा युयोपिम
मा नस्तस्मादेनसो देव रीरिषः ॥
कितवासो यद्रिरिपुर्न दीवि
यद्वाऽघा सत्यमुत यन्न विद्म।
सर्वा ता विष्य शिथिरेव देवा-
था ते स्याम वरुण प्रियासः ॥

સર્વત્ર આત્મશુદ્ધિ માટે જલપ્રોક્ષણ.

स०-ॐ प्राणापानव्यानोदानसमाना मे शुध्यन्तां ज्यो-
तिरहं विरजा विपाप्मा भूयासं स्वाहा।

ॐ पृथिव्यप्तेजोवाय्वाकाशा मे शुध्यन्तां ज्योतिरहं
विरजा विपाप्मा भूयासं स्वाहा ॥

ॐ शब्दस्पर्शरूपरसगन्धा मे शुध्यन्तां ज्योतिरहं विरजा विपाप्मा भूयासं स्वाहा ॥

ॐ मनोवाक्कायकर्माणि मे शुध्यन्तां ज्योतिरहं विरजा विपाप्मा भूयासं स्वाहा ॥

ॐ अन्नमय–प्राणमय–मनोमय–विज्ञानमय–आनन्दमया मे शुध्यन्तां ज्योतिरहं विरजा विपाप्मा भूयासं स्वाहा

ॐ आत्मा मे शुध्यन्तां ज्योतिरहं विरजा विपाप्मा भूयासं स्वाहा ॥

ॐ अन्तरात्मा मे शुध्यन्तां ज्योतिरहं विरजा विपाप्मा भूयासं स्वाहा ॥

ॐ परमात्मा मे शुध्यन्तां ज्योतिरहं विरजा विपाप्मा भूयासं स्वाहा ॥ ॥१७॥

એકનાનતા.

स०–ॐ भूः । ॐ भुवः । ॐ स्वः । ॐ महः । ॐ जनः । ॐ तपः । ॐ सत्यम् । ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात् । ओमापो ज्योती रसोऽमृतं ब्रह्म भूर्भुवस्सुवरोम् ॥ ॥१८॥

તેજોદેવતા પૂજન. સૂર્યોપસ્થાન.

अ०–ॐ आसत्येन रजसा वर्तमानो

निवेशयन्नमृतं मर्त्यंच ।

हिरण्ययेन सविता रथेना
ऽऽदेवो याति भुवना विपश्यन् ॥

उद्वयं तमसस्परि पश्यन्तो ज्योतिरुत्तरम् ।
देवं देवत्रा सूर्यमगन्म ज्योतिरुत्तमम् ॥

उदु त्यं जातवेदसं देवं वहन्ति केतवः ।
दृशे विश्वाय सूर्यम् ॥

चित्रं देवानामुद्गादनीकं
चक्षुर्मित्रस्य वरुणस्याग्नेः ।
आप्रा द्यावापृथिवी अन्तरिक्षं
सूर्य आत्मा जगतस्तस्थुषश्च ॥ ॥१९॥

જ્યોતિ એકરૂપતા. જીવની શિવભાવના.

स०—ॐ आर्द्रं ज्वलति ज्योतिरहमस्मि । ज्योतिर्ज्वलति ब्रह्माहमस्मि । योऽहमस्मि ब्रह्माहमस्मि । अहमस्मि ब्रह्माह मस्मि । अहमेवाहं मां जुहोमि स्वाहा ॥ ॥२०॥

ગાયત્રીવંદન.

ॐ भूः । ॐ भुवः ॐ सुवः । ॐ महः । ॐ जनः । ॐ तपः । ॐ सत्यम् । ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि । धियो यो नः प्रचोदयात् । ओमापो ज्योती रसो ऽमृतं ब्रह्म भूर्भुवस्सुवरोम् ॥ ॥२१॥

જ્ઞાનીઓની પુરુષસૂક્ત પૂજા.

स०- ॐ सहस्रशीर्षा पुरुषः । सहस्राक्षः सहस्रपात् ।
स भूमिं विश्वतो वृत्वा । अत्यतिष्ठद्दशांगुलम् ॥
पुरुष एवेदं सर्वम् । यद्भूतं यच्च भव्यम् ।
उतामृतत्वस्येशानः । यदन्नेनातिरोहति ॥
एतावानस्य महिमा अतो ज्यायांश्च पुरुषः ।
पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्यामृतं दिवि ॥

વિષ્ણુજ્યોતિદર્શન.

ॐ तद्विष्णोः परम पदं सदा पश्यन्ति सूरय ।
दिवीव चक्षुराततम् ॥
तद्विप्रासो विपन्यवो जागृवांसः समिन्धते ।
विष्णोर्यत्परमं पदम् ॥ ॥२२॥

વેદપુરુષ મહાદેવને નમસ્કાર

स०—ॐ नमस्ते अस्तु भगवन् विश्वेश्वराय महादेवाय त्र्यंबकाय त्रिपुरान्तकाय त्रिकाग्निकालाय कालाग्निरुद्राय नीलकण्ठाय मृत्युंजयाय सर्वेश्वराय सदाशिवाय श्रीमन्महादेवाय नमः
॥२३॥

“મંત્રપુષ્પાંજલિ” નારાયણ સ્તોત્ર.

स०—ॐ सहस्रशीर्षं देवं विश्वाक्षं विश्वशम्भुवम् ।
विश्वं नारायणं देवमक्षरं परमं पदम् ॥१॥

विश्वतः परमं नित्यं विश्वं नारायणं हरिम् ।
विश्वमेवेदं पुरुषस्तद्विश्वमुपजीवति ॥२॥
पतिं विश्वस्यात्मेश्वरं शाश्वतं शिवमच्युतम् ।
नारायणं महाज्ञेयं विश्वात्मानं परायणम् ॥३॥
नारायणः परं ब्रह्म तत्त्वं नारायणः परः ।
नारायणः परो ज्योतिरात्मा नारायणः परः ॥४॥
नारायणः परो ध्याता ध्यानं नारायणः परः ॥५॥
यच्च किञ्चिज्जगत्सर्वं दृश्यते श्रूयतेऽपि वा ।
अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः ॥६॥
अनन्तमव्ययं कविं समुद्रेऽन्तं विश्वशम्भुवम् ।
स ब्रह्मा स शिवः स हरिः सेन्द्रः सोऽक्षरः परमः
स्वराट् ॥७॥ ॥२८॥

"तत्त्वमसि."

ॐ तद्ब्रह्म । ॐ तद्वायुः । ॐ तदात्मा । ॐ तत्सत्यम् । ॐ तत्सर्वम् । ॐ तत्पुरोर्नमः ॥ अन्तश्चरति भूतेषु गुहायां विश्वमूर्त्तिषु । त्वं यज्ञस्त्वं वषट्कारस्त्वमिन्द्रस्त्वं रुद्रस्त्वं विष्णुस्त्वं ब्रह्मा त्वं प्रजापतिः । त्वं तदाप आपो ज्योती रसोऽमृतं ब्रह्म भूर्भुवस्सुवरोम् ॥ ॥२९॥

વિશ્વરૂપ પરબ્રહ્મને વન્દન.

ॐ ऋत ँ सत्यं परं ब्रह्म पुरुषं कृष्णपिङ्गलम् ।
ऊर्ध्वरेतं वि रूपाक्षं विश्वरूपाय वै नमः ॥२६॥

નૈવેદ્ય.

म०—ॐ भुर्भूवस्सुवः । ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि । धीयो यो नः प्रचोदयात् ॥ देव सवितः प्रसुव सत्यं त्वर्तेन परिषिञ्चामि ॥ ॐ प्राणायस्वाहा । ॐ अपानाय स्वाहा । ॐ व्यानाय स्वाहा । ॐ उदानाय स्वाहा । ॐ समानाय स्वाहा । ॐ ब्रह्मणे स्वाहा । ॥२७॥

અમૃત પાન કરતાં આત્માનો બ્રહ્મસાક્ષાત્કાર.

म०—ॐ ब्रह्माणि मआत्माऽमृतत्वाय ॥ ॥२८॥

દિગ્વિમોચન.

अ०— भूर्भुवस्सुवरोम्—(इति दिग्विमोकः) ॥२९॥

આશીર્વાદ.

अ०—ॐ ऋध्यास्म हव्यैर्नमसोपसद्य
मित्रं देवं मित्रधेयं नो अस्तु ।
अनूराधान् हविषा वर्धयन्तः
शतं जीवेम शरदः सवीराः ॥३०॥

ત્રૈલોક્ય મંગલ આશિષ.

સ૦—ॐ तच्छंयोरावृणीमहे गातुं यज्ञाय ।

गातुं यज्ञपतये । दैवीस्वस्तिरस्तु नः ।

स्वस्तिर्मानुषेभ्यः । ऊर्ध्वं जिगातु भेषजं ।

शं नो अस्तु द्विपदे । शं चतुष्पदे ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥ ॥३१॥

લોકસંગ્રહ અમૃત-આશિષ.

ॐ सर्वे वै: सुखिनस्सन्तु सर्वे सन्तु निरामयाः ।

सर्वे भद्राणि पश्यन्तु न काश्चिद्दुःखभाग्भवेत् ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥ ॥३२॥

"બ્રહ્માર્પણભાવના"

સ૦—ॐ तत्सत्ब्रह्मार्पणमस्तु ॥३३॥

(ભારતસમાજીય પૂજાવિધાનમાંથી).

શિવસંકલ્પ=સર્વત્ર આત્મભાવ.

શિવસંકલ્પ અને તેની શક્તિ.

શિવસંકલ્પની શક્તિ વિશ્વમાં સર્વોત્કૃષ્ટપણે વ્યાપી રહી છે જે વ્યાપક શક્તિવડે સર્વનું અસ્તિત્વ છે.

શિવસંકલ્પ દરેક અણુ પરમાણુના પ્રાણરૂપે રહે છે, દરેક હૃદયમાં જે ધબકારો ચાલે છે તે એ શિવસંકલ્પ છે.

શિવસંકલ્પજ આત્માનો અવાજ છે.

શિવસંકલ્પજ સર્વ શક્તિમાન છે. જેમ જેમ શિવસંકલ્પ કરતા જશો તેમ તેમ તમારામાં એ શિવસંકલ્પ વડે વધુ ને વધુ આત્મબળ આવતું જશે.

શિવસંકલ્પ બળનો ઉપયોગ કરો. અને વિશ્વમાં તેના વ્યાપક બળનું દર્શન થશે.

શિવસંકલ્પજ સર્વમાં દિવ્યતા (બ્રહ્મતેજ) પ્રકટાવે છે. અને જ્યાં જ્યાં શિવસંકલ્પ કરો છો ત્યાં ત્યાં તમારામાં એ દિવ્યતાનો આવિર્ભાવ થાય છે; અને તમારા દ્વારા અન્યના સંકલ્પમાં તમારા સંકલ્પનો સ્પર્શ થાય છે.

શિવસંકલ્પ કરતાં બીજો ઉંચો કોઇપણ ઇશ્વરી કાયદો નથી.

શિવસંકલ્પ એ એક એવી શક્તિ છે કે જે વિશ્વ ઉપર અમલ ચલાવે છે; એ શિવસંકલ્પને અંગે જે કંઇ કરવામાં આવે છે તેની પાછળ વિશ્વ નિયમની શક્તિ રહેલી છે.

શિવસંકલ્પને આપણા જડ ભાવો સાથે સરખાવવાની ભૂલો કરશો નહિ, શિવસંકલ્પ સહાય આપવા માટે દિવ્ય ઇચ્છા શક્તિ ધરાવે છે.

શિવસંકલ્પજ માત્ર અનીતિ અને અજ્ઞાનતિમિર ઉપર જય મેળવી શકે છે.

શિવસંકલ્પ મુક્તિ, શક્તિ અને સ્વરૂપાનુસંધાન સાધવામાટે કોઈ દિવ્ય ચમત્કારી બ્રહ્મનાદ છે.

આપણા માર્ગમાં પાથરેલી કાંટાની વાડને દૂર કરવાનો ઇલાજ શિવસંકલ્પ સિવાય ક્યાંએ નથી.

શિવસંકલ્પ શક્તિ ન હોય તો સૃષ્ટિજીવનનો અભાવ થઈ જાય. મનુષ્યે એવી સમજ સાથે જાગૃત થઇ જવું જોઇએ કે માત્ર શિવસંકલ્પ શક્તિજ આ વિશ્વમાં મુક્તિદાતા છે.

જો કોઈ શિવસંકલ્પજ ન કરે તો પછી જગતની સંકલના ચાલીજ કેમ શકે ?

શિવસંકલ્પ દ્વારાજ જગત અસ્તિત્વમાં આવ્યું છે; એ શિવસંકલ્પ દ્વારાજ જગત્ મુક્તિ મેળવશે. પણ શિવસંકલ્પ મનુષ્યે પોતે જાતેજ કરવો જોઇએ.

શિવસંકલ્પ કરનારાજ માત્ર મદદ કરી શકે અને એક મનુષ્યને સાચો માર્ગ બતાવી શકે.

શિવસંકલ્પજ માત્ર ખરો માર્ગ છે.

શિવસંકલ્પ એક એવી વસ્તુ છે કે જે ઋષિ મહર્ષિઓની પરાકાષ્ટાએ પહોંચવાનો માર્ગ બતાવે છે.

એક ક્ષણ પણ એવો વિચાર કદી ન કરશો કે શિવસંકલ્પ

સિવાય બીજા ગુણો પણ તેટલાજ અગત્યના છે. એ સઘળા ગુણો આપણામાં શિવસંકલ્પ વગરના હોય તો આપણે પ્રભુની યોજનાના ભાગીદાર થઇ શકતા નથી. શિવસંકલ્પ વડેજ પ્રભુનાં કાર્યો થઇ શકે છે. અને જો તમારામાં શિવસંકલ્પ બળ પુરતું હશે તો બાકીનાં સાધનો સર્વે સમય પરત્વે તમોને આવી મળશે.

દરેક મનુષ્યના હૃદયમાં અને દરેક વસ્તુએમાં શિવસંકલ્પનો પ્રવાહ છોડો. તો આપણે ઇશ્વરની સમીપ હમેશાં આવતા જશું.

તમે તમારી જાતને તૈયાર કરો અને લાયક બનાવો. તમારો બહોળો શિવસંકલ્પ તમારી આત્મોન્નતિ દર્શાવશે. શિવસંકલ્પ વિશ્વ-વ્યાપક થવો જોઇએ.

શિવસંકલ્પ પોતાને માટે મેળવવો એટલુંજ પુરતું નથી, પણ તમારે અન્યને શિવસંકલ્પ આપવો. શિવસંકલ્પમય જીવન જીવો.

શિવસંકલ્પ તમે પોતે બની જાઓ શિવનાં ખરાં સ્વરૂપનું ભાન થઇ જાય ત્યાંસુધી શિવસંકલ્પનો જપ ચાલુ રાખો.

શિવસંકલ્પનું ધ્યાન ધરો અને શિવસંકલ્પ કેવળ એક ગુણ છે કે જે વડે પ્રભુની યોજના પાર પાડવામાં સહાયભૂત થઇ શકો અને પ્રભુના પરમ ધામમાં પ્રવેશ કરવાને લાયક થાઓ.

જો તમે શિવસંકલ્પ સેવશો તો તમે સ્વયં પ્રભુ માર્ગના પંથી થઇ પડશો.

કાર્યમાં શિવસંકલ્પ.

તમારી આસપાસ શિવસંકલ્પને સત્ય સ્વરૂપમાં મૂકો. શિવ સંકલ્પ એ કોઇ જડ વસ્તુ નથી. તમારાથી દૂર નથી. તમારામાં છે. તેનો ઉપયોગ કરો. શિવસંકલ્પજ જીવન બનાવી દ્યો. કોઇ પણ

પ્રતિબંધ કે અપવાદો સિવાય સર્વેને એ શિવસંકલ્પ આપો.

તમારે સર્વને આત્મભાવથી ચાહવું જોઇએ. તમારા વિચાર પ્રમાણે તે શિવસંકલ્પનો અધિકારી હોય કે ન હોય તેની કંઇ હરકત નહિ પણ તમારે તો તેમાં આત્મભાવથી પ્રેમ કરવોજ જોઇએ.

પ્રભુને સર્વ જીવાત્મા પ્રિય છે. અને આપણે જેમ પ્રભુમાં પ્રેમ કરીએ છીએ તેમ સર્વેમાં આત્મભાવે છે એમ સમજી પ્રેમ કરવો જોઇએ. (અંતરથી) બીજાઓ ગમે તેમ તમારી સાથે વર્તે છતાં તમારે તો હમેશાં તેમનું શિવસંકલ્પ બળવડે મંગળ કરવું.

પવિત્ર અને વીર બનો. અને શિવસંકલ્પ કરો. દરેક મનુષ્યના હૃદયમાં શિવ વસે છે એમ જાણી અનુભવી શિવસંકલ્પ કરો.

તમારા હૃદયનો દરેક ધબકારો તે શિવસંકલ્પ થવો જોઇએ. અને આપણા શ્વાસોશ્વાસમાં પણ શિવસંકલ્પનો આવિર્ભાવ થવો જોઇએ.

શિવસંકલ્પને હર હમેશ જીવનમાં રેડો.

તમારૂં જીવનજ શિવસંકલ્પનું બનેલું છે એ ભાવ પ્રકટ કરો.

શિવસંકલ્પજ સાચું જીવન છે જે તમારે જીવવુંજ જોઇએ. પ્રભુ માત્ર આપણી ખાતરજ જગતને ચાહતા નથી જ્યાં જ્યાં જાઓ ત્યાં ત્યાંથી શિવસંકલ્પ લાવો.

એક પુષ્પમાંથી જેમ સુગંધી પમરે છે, તેમ શિવસંકલ્પરૂપી પુષ્પનો પમરાટ તમારામાંથી વહેવો જોઇએ અને તમારી નજદીકના સર્વેને શિવસંકલ્પની સુગંધી તમારી મારફત મળવી જોઇએ.

શિવસંકલ્પ વડે જગતનાં દુઃખ ને દરદો દુર કરો.

પહેલાં શિવસંકલ્પમય જીવન સેવો અને સર્વેને એ સેવતાં શિખવો

ઇતિ શિવમ્.

ॐ योवः शिवतमो रसस्तस्य भाजयतेहनः
"હે શિવ! તારો આનંદ અમારામાં રેલાવ."

શ્રી શિવસંકલ્પ સભા, કરાચી.

આશય અને નિયમો.

આશયઃ—આ ચલિત જગતની સોનેરી સાંકળમાંથી મુક્તિ મેળવવા-માત્ર પારમાર્થિક જીંદગી જેમવી શ્રીશંકરના જ્ઞાનસાગરમાં નિમજ્જન કરી સત્, ચિત્ત અને આનંદને પ્રાપ્ત કરી તેમાંજ સ્વરૂપાનુસંધાન સાધી કૈવલ્યમોક્ષ પ્રાપ્ત કરવાનો સર્વોત્કૃષ્ટ આશય આ શિવસંકલ્પ સભાએ સ્વીકાર્યો છે.

નિયમોઃ—(૧) આ સભામાં કોઇપણ દ્વિજ સભ્ય થઇ શકે છે. *

(૨) આ સભા દર અઠવાડીયામાં શનિવારે રાત્રિના ૮ થી ૯ વાગ્યા સુધીમાં નિર્મિત સ્થળે તથા દર રવિવારે બપોરે ૧૨ થી ૨ વાગ્યા સુધીમાં નિર્મિત સ્થળે તથા (ઇચ્છા હોય તો) અમુક અમુક સભ્યને સ્થાને મળશે અને તે વખતે કોઇ શાસ્ત્રીય વાંચન અભ્યાસ કે વેદાંત વિચાર કરશે.

આ સભાના સર્વે સભ્યો નિચેના નિયમોને માન આપશેઃ-

(૧) અમે વિચાર, વાણી અને વર્તનથી કોઇ પણ-ક્રોધ, બળજોરી, ઘાતકીપણું, અધીરાઇ, વગેરે નબળાઇ વાપરવાથી દૂર રહેશું. અને ઇશ્વરદત્ત દિવ્ય શક્તિઓનો દુરુપયોગ નહિ કરશું.

(૨) પાછળની કોઇની પણ નિંદા કે અપ્રમાણિક ટીકા, કે ચાડી ચુગલી કે દુઃખ થાય એવા શબ્દોનો ઉપયોગ નહિ કરશું અને

બીજી એવા પ્રકારની વાતોથી દૂર રહેશું.

(૩) અમે કોઇને પણ શોભા નહિ આપે એવા ઠપકા ને નિર્દય મશ્કરી કે ખીજવાટથી દૂર રહેશું.

(૪) અમે ગમે તે જાતિ (પુરુષ કે સ્ત્રી વ્યક્તિ) હોય તેનો ધિક્કાર નહિ કરશું. અરસપરસ અવિભક્ત રહેવા પ્રેરશું.

(૫) અમે દરેક પ્રત્યે દિલસોજી રાખશું. અને પરસ્પર નિઃસ્વાર્થ પ્રેમ અને માયાથી વર્તશું

(૬) અમને પ્રભુએ જે બુદ્ધિ અને સમજ આપી છે તેનો, ન્યાય યુક્ત અને સભામાં લાગણી કે ગણના ઉત્પન્ન થાય એવી રીતે ઉપયોગ કરશું.

(૭) અમો સભ્યતાનો કદી ત્યાગ કરશું નહિ.

(૮) અમે અરસપરસ બનતી દરેક જાતની સહાયતા આપવા તત્પર રહેશું.

(૯) આપણી શ્રીકૃષ્ણ સર્જિત આ દ્વિજ સભામાં ઐક્ય અને આત્મભાવ સ્થાપવા આપણથી બનતું કરશું.

(૧૦) જનસમૂહમાં દરેક સભ્યોનો માનુષી મોભો કેમ જળવાય તેની કાળજી રાખશું.

(૧૧) ત્રણ સભ્યથી આ સભાનું અસ્તિત્વ ગણાશે.

અનંત ચતુર્દશી
૧૯૮૫
તા. ૧૭–૯ ૨૯
સ્થળ: અનંત ઉદ્યાન

"શિવસંકલ્પ સભા"ના સભ્યોકરાચી.

---

* આ શ્રી "શિવસંકલ્પ સભા" ના સભ્ય થવા ઇચ્છનાર દ્વિજ જિજ્ઞાસુને પ્રથમ એકાદ બે સભામાં હાજરી આપી થતું કામકાજ જોવા અને પછી જો સ્વરુચિને અનુકુળ લાગે તોજ પત્રક ભરી સભ્ય થવા વિનતિ છે.

સંત મહિમા.

જગતમાંહી સન્ત પરમ હિતકારી. (૨)
પ્રભુપદ પરમ કરાવત પ્રીતિ
ભરમ મીટાવત ભારી—જગતમાંહી—સન્ત૦
ત્રિગુણાતીત ફીરત તન ત્યાગી
રીત જગતસેં ન્યારી—જગતમાંહી—૧
પરમકૃપાલ સકલ જીવન પર
હરિસમ સબ દુઃખહારી—જગતમાંહી—૨
બ્રહ્માનંદ સંતનકી સોબત
મીલત હૈ પ્રકટ મુરારી—જગતમાંહી—૩

પ્રભુ પ્રેમયાચના.

ગઝલ.

મુજે ઇસ પ્રેમિ ઉત્સવ મેં, પ્રભુ પ્રેમી બના દીજે...મુજે
પીલા કર પ્રેમકા પ્યાલા, મુઝે અપના બના લીજે...મુજે
તરસ્તે થે જો ઇસ દિનકો, સો ભેજા હૈ. અભી હમકો—
બનાઓ આપકા પ્યાસા, હમેં અમૃત પિલા દીજે...મુજે
રહું તુજ પર સદા કુરબાન મીઠા હૈ જો યહ તેરા નામ,
ઇસ નગરી કે લોગોંકો સદા પ્રેમી બના દીજે...મુજે
યહ ઉત્સવકર બને ફલિભૂત તેરે દીદાર કે લાયક
દયા કર કે તેરી મહિમા સદા હમકો બતા દીજે...મુજે

શિવસંકલ્પ સભાને માટે ન. જ. દવેએ કરાચી મનોહર પ્રેસમાંથી છ. ૩
તથા પ્રકટ કીધું. પ્રથમાવૃત્તિ. પ્રતિ ૫૦૦.